
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

જાન્યુઆરી, ૨૦૨૩
વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો મંગલ પ્રારંભ...





પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનાં વિવિધ આકર્ષણોમાંનું એક અનોખું આકર્ષણ એટલે – પ્રમુખ જ્યોતિ ઉદ્યાન (ગ્લો ગાર્ડન). ગ્લો ગાર્ડન, વિવિધ પ્રદર્શનો ઉપરાંત સૌનાં હૃદયમાં પ્રમુખસ્વામી મહારાજની એક અમીટ છાપ છોડતો લાઇટ ઍન્ડ સાઉન્ડ શૉ – 'મહોત્સવ પૂર્ણ પુરુષ કા' વગેરે માણીને મહોત્સવના લાખો મુલાકાતીઓ પવિત્ર પ્રેરણાઓથી છલકાઈ ઊઠે છે.



ભારતની મહાન સંત પરંપરાના આપણા યુગના વાહક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે અંજલિ આપવા માટે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અમદાવાદ ખાતે શાનદાર શતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે, તા. ૧૪-૧૨-૨૦૨૨ના રોજ આરંભાયેલા એક મહિનાના આ મહોત્સવને ૧૩ દિવસ વીતી ચૂક્યા છે. ભવ્ય અને દિવ્ય શતાબ્દી મહોત્સવ માટે ૬૦૦ એકરની ભૂમિમાં રચાયેલા અભૂતપૂર્વ પ્રમુખસ્વામી મહારાજ નગર રોજ લાખો લોકોને આકર્ષી રહ્યું છે. અહીંનાં અનેક વિવિધ આકર્ષણો દર્શનાર્થીઓને નવી નવી પ્રેરણાઓથી છલકાવી દે છે. ભવ્ય પ્રવેશદ્વારથી લઈને ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોની સેવા સુધી પ્રત્યેક બાબત સૌને આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવે છે. નિત્ય અનેકવિધ કાર્યક્રમોની હારમાળા સૌને દિન-પ્રતિદિન પ્રભાવિત કરતી રહે છે. નિત્ય વિશાળ કોન્ફરન્સ હોલમાં જુદા જુદા વિષયની યોજાતી કોન્ફરન્સ હોય, નારી ઉત્કર્ષ મંડપમ્‌માં યોજાતા નિત્ય મહિલા કાર્યક્રમો અને સેમિનારો હોય, બાળનગરી અને પ્રદર્શન ખંડોમાં પ્રસ્તુત થતી પ્રેરણાત્મક રજૂઆતો હોય, રોજના સંધ્યા કાર્યક્રમોમાં દેશ અને દુનિયાના પ્રસિદ્ધ મહાનુભાવોનાં વક્તવ્યો હોય - દરેક સ્તરે અદ્‌ભુત કાર્યક્રમોની શૃંખલા સૌને આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવે છે. આ મહોત્સવમાં દેશ-વિદેશના રાજકીય અને સામાજિક પ્રતિષ્ઠિતોથી લઈને ભારતવર્ષના મહાન સંતો અને વિવિધ ધાર્મિક પરંપરાઓના ધર્મગુરુઓ પણ પધાર્યા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સાંનિધ્યમાં, દ્વારિકા શારદાપીઠના શ્રીમદ્ શંકરાચાર્ય શ્રી ૧૦૦૮ સદાનંદ સરસ્વતીજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલા રાષ્ટ્રીય સંત સંમેલનમાં છેક જમ્મુ-કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને પૂર્વ ભારતથી લઈને પશ્ચિમ ભારત સુધીના વિવિધ ધર્મ, સંપ્રદાયોના પ્રતિનિધિ રૂપ મહંતો-આચાર્યો-જગદ્‌ગુરુઓ-મહામંડલેશ્વરો સહિત ૨૫૦થી વધુ સંતોએ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પધારીને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવપુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ બધા કાર્યક્રમોની વિશેષ વિગતો આગામી અંકે મેળવીશું. આ અંકમાં માત્ર આ અદ્વિતીય મહોત્સવના શાનદાર ઉદ્‌ઘાટન સમારોહની વિગતો પ્રસ્તુત છે...


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૧,**
**જાન્યુઆરી, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**




# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો શાનદાર પ્રારંભ

**તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨**



વિશ્વવંદનીય સંતવિભૂતિ **બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ**નો શતાબ્દી મહોત્સવ **આ સદીની એક મહાન ઘટના** રૂપે અમદાવાદ ખાતે શાનદાર રીતે ઊજવાઈ રહ્યો છે. વિશ્વભરના મહાનુભાવો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવવંદના કરી રહ્યા છે ત્યારે **પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ**ની નિશ્રામાં ભારતના યશસ્વી વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઊજવાયેલા શાનદાર **ઉદ્‌ઘાટન સમારોહની** એક ઝલક...




*'શત શત વરસ સરે, ગુરુ જીવનજ્યોત જલે...'*

છેલ્લાં સાત વર્ષથી લાખો હરિભક્તોનાં હૈયે અને હોઠે પડઘાતું આ શતાબ્દી ભાવગીત આજે તેની ચરમસીમાએ ગુંજી રહ્યું હતું. કારણ કે અસંખ્ય લોકોનાં જીવન પર શાશ્વત પ્રભાવ પાથરનારા પ્રમુખસ્વામી મહારાજના ભવ્ય, દિવ્ય અને નવ્ય શતાબ્દી મહોત્સવનો આજે મંગલ પ્રારંભ થઈ રહ્યો હતો. લાખો હરિભક્તો છેલ્લાં સાત વર્ષથી જે દિવસની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવી પહોંચ્યો હતો.

એ દિવસ હતો – તા. ૧૪-૧૨-૨૦૨૨, માગશર વદ છઠ, વિક્રમ સંવત ૨૦૭૯, બુધવાર, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘાટન દિવસ.

આજની સંધ્યા અમદાવાદને આંગણે એક વિશિષ્ટ અને દિવ્ય અવસરની વૈશ્વિક સ્મૃતિ આપવા માટે આકાશને સ્વર્ણિમ લાલિમાથી રંગી રહી હતી. આ મહોત્સવને ધારણ કરનારા ૬૦૦ એકરની ભૂમિમાં સોળે શણગાર સજીને સજ્જ થયેલા વિશાળ 'પ્રમુખસ્વામી મહારાજ નગર'ના કણ-કણમાં ઉત્સાહ અને થનગનાટ હતો. મહોત્સવના મુખ્ય દ્વાર સમક્ષ કલાત્મક મંચની સામે સેંકડો બાળકો-યુવાનો માંગલિક પ્રતીકોની વેશભૂષા સાથે શોભતા હતા. આ અદ્વિતીય મહોત્સવના પ્રેરણામૂર્તિ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ, પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી સહિત સંતવર્યો વિશિષ્ટ મંચ પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે આસનસ્થ હતા.

બીજી તરફ, આ અવસરના સાક્ષી બનવા સવા લાખ કરતાં વધુ ભક્તો-ભાવિકો જ્યાં મહોત્સવનો મુખ્ય ઉદ્‌ઘાટન સમારોહ થવાનો હતો એ પ્રમુખસ્વામી મહારાજ સભાગારમાં બિરાજ્યા હતા. અપરાહ્ને ૩:૩૦ વાગ્યાથી ઓગણજ સર્કલ અને ભાડજ સર્કલથી હરિભક્તો-ભાવિકોનો પ્રવાહ એસ.પી.





રિંગ રોડ પર રચવામાં આવેલા ઉદ્‌ઘાટન સમારોહ ભણી ઊમટ્યો હતો. પ્રાસંગિક સમારોહના નિયત સમય પૂર્વે સભાસ્થળ હરિભક્તો-ભાવિકોથી સજ્જ થઈ ચૂક્યું હતું. સૌની સન્મુખ પૂર્વમુખે વિશાળ કલાત્મક મંચ શોભી રહ્યો હતો. આ વિશાળ મંચની પશ્ચાદ્‌ભૂમાં ફૂલમાળ વચ્ચે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ દર્શનદાન આપી રહી હતી. તેમજ મંચની પશ્ચાદ્‌ભૂમાં બંને તરફ એલ.ઈ.ડી. સ્ક્રીન પર ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓ તેમજ પ્રમુખસ્વામી મહારાજની દર્શનીય છબિઓનાં દર્શન થતાં હતાં. મુખ્યમંચના અગ્રભાગમાં ઉપમંચ વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોની પ્રસ્તુતિ માટે સજ્જ હતો. દૂર-દૂર સુધી બેઠેલા ભક્તજનો આ સમારોહને સારી રીતે માણી શકે તે માટે મંચની બંને બાજુએ ૧૦ એલ.ઈ.ડી. સ્ક્રીન મૂકવામાં આવ્યા હતા. આ સ્ક્રીન મંચ પર થતી દરેક ગતિવિધિઓનું જીવંત પ્રસારણ દ્વારા દર્શન કરાવતા હતા.

બરાબર ૫:૦૦ વાગ્યે સંગીતજ્ઞ સંતો-યુવકોએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, સ્તુતિગાન સાથે સ્વાગત-ગીતનું ગાન કરીને સૌને આવકાર્યા હતા.

બરાબર ૫.૧૫ વાગ્યે આજના કાર્યક્રમનું વિશિષ્ટ રીતે પ્રસારણ થઈ ગયું. જાણીતા આર.જે. શ્રી ધ્વનિત ઠાકર અને પ્રૉ. શ્રી યોગી ત્રિવેદીએ (કોલંબિયા યુનિવર્સિટી, ન્યૂયોર્ક) ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલના સ્ટુડિયોમાંથી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રમુખસ્વામી મહારાજના વિરલ વ્યક્તિત્વની ઝાંખી કરાવતી પૂર્વભૂમિકાથી જાહેર પ્રસારણનો આરંભ કરી દીધો. સાથે સાથે સ્વામીશ્રીનાં એ કાર્યોની ઝલક વીડિયોના માધ્યમથી પ્રસારિત કરવામાં આવી હતી. છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન દેશ-વિદેશમાં પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમોની ઝલક માણ્યા બાદ સ્વામીશ્રીની સંતપ્રતિભાથી પ્રભાવિત થયેલા ધર્મગુરુઓ અને રાજકીય પુરુષોના હૃદયોદ્‌ગાર સુણી સૌ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને મનોમન વંદી રહ્યા હતા.

બરાબર ૫.૩૦ વાગ્યે મહોત્સવના મુખ્ય ઉદ્‌ઘાટક તરીકે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મુખ્ય દ્વાર પર આગમન થયું. તેઓની સાથે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આવી પહોંચ્યા. બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રધાનમંત્રીશ્રીનું પુષ્પહારથી સ્વાગત કર્યું. વડાપ્રધાનશ્રીના આગમન સાથે જ ‘સ્વાગતમ્‌... સ્વાગતમ્‌... સ્વાગતમ્‌...’



વડાપ્રધાનશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરતા ઈશ્વરચરણદાસ સ્વામી



મુખ્ય દ્વાર સમક્ષ ઉદ્‌ઘાટન પ્રસંગે મંચસ્થ સંતો-મહાનુભાવો



આશ્ચર્ય વચ્ચે મંચ ગતિમાન થયો ને દ્વાર તરફ આગળ વધ્યો



મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતા મહંત સ્વામીજી અને વડાપ્રધાનશ્રી

ગીતની સુરાવલિઓ ગુંજવા લાગી. વડાપ્રધાનશ્રી મુખ્ય દ્વારની સન્મુખ ગોઠવાયેલા મંચ પર પહોંચ્યા ત્યારે તેઓએ મહંત સ્વામી મહારાજનું ભાવભીનું અભિવાદન કર્યું અને ઈશ્વરચરણદાસ સ્વામીએ પુષ્પહારથી તેઓને વધાવ્યા. ભક્તિપ્રિયદાસ સ્વામીએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પુષ્પમાળાથી સ્વાગત કર્યું. ત્યારબાદ પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામીએ આજના વેદોક્ત ઉદ્‌ઘાટન વિધિનો ઉપક્રમ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિશેષતાઓના નિર્દેશ સાથે આરંભ્યો.

વેદોક્ત શાંતિપાઠ, સંકલ્પ વિધિ, પૂજનવિધિ અને પ્રાર્થના વગેરે એક પછી એક વિધિનાં સોપાનો સર થતાં ગયાં. મંત્રોચ્ચાર વચ્ચે મહંત સ્વામી મહારાજ અને પ્રધાનમંત્રીશ્રી અમૃતકળશ ધારણ કરીને પવિત્ર વેદોક્ત સંકલ્પવિધિમાં જોડાયા. મંચ સમક્ષ બાળ-યુવાઓએ માંગલિક પ્રસ્તુતિઓ કરીને આ ક્ષણને વધાવી. ત્યારબાદ નરેન્દ્રભાઈએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી.

ત્યારપછી મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાનશ્રી સહિત મંચસ્થ મહાનુભાવોને મહોત્સવના મુખ્ય પ્રવેશદ્વારના ઉદ્‌ઘાટન માટે નિમંત્રિત કરવામાં આવ્યા. તે સાથે જ માંગલિક સંગીતની સુરાવલિઓ વચ્ચે *'શત શત વરસ સરે, ગુરુ જીવનજ્યોત જલે...'* પંક્તિઓ ગુંજવા લાગી અને મહંત સ્વામી મહારાજ સાથે વડાપ્રધાનશ્રી અને મહાનુભાવોને લઈને મધ્ય મંચ સૌના આશ્ચર્ય વચ્ચે ગતિમાન બની ગયો. બાળકો-યુવાનોની માંગલિક નૃત્યાંજલિ વચ્ચે મંચ ૩૦૦ ફૂટ દૂર આવેલા મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવ્યો. અહીં સ્વામીશ્રી અને નરેન્દ્રભાઈએ નાડાછડી છોડીને 'પ્રમુખસ્વામી મહારાજ નગર'ને ઉદ્‌ઘાટિત કર્યું. સૌએ આ ક્ષણને તાળીનાદ અને હર્ષનાદથી વધાવી. ઉદ્‌ઘાટન બાદ લાલ જાજમ પર પુનઃ ધીમે ધીમે મંચ આગળ વધવા લાગ્યો. બંને બાજુએ વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો સૌનું અભિવાદન કરી રહ્યા હતા. પ્રવેશદ્વારમાંથી આગળ વધીને મોબાઈલ મંચ ઊભો રહી ગયો, સામે ૧૫ ફૂટ પીઠિકા પર વિરાજમાન ૩૦ ફૂટ ઊંચી પ્રમુખસ્વામી મહારાજની ભવ્ય-દિવ્ય મૂર્તિ સૌને આકર્ષી રહી હતી. મંચ પરથી નીચે ઊતરી માનનીય પ્રધાનમંત્રીશ્રી મહાનુભાવો સાથે લાલ જાજમ પર કદમ માંડતાં પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ સમક્ષ પધાર્યા. અહીં શ્રીહરિનાં ચરણોમાં ભાવપુષ્પાંજલિ સમર્પિત કરી તેઓએ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં





પ્રમુખસ્વામી મહારાજની ૩૦ ફૂટ ઊંચી વિશાળ પ્રતિમા સમક્ષ પોતાની ભાવ-વંદના અને પુષ્પાંજલિ અર્પતા વડાપ્રધાનશ્રી...

ભાવવંદના કરી. ત્યારબાદ આ મૂર્તિચક્રની મુલાકાત લેતા પ્રધાનમંત્રીશ્રીએ ચોવીસેય કલાક અહર્નિશ સેવામય રહેનારા પ્રમુખસ્વામી મહારાજનાં વિવિધ પાસાંઓ નિહાળીને સ્વામીશ્રીની દિવ્યતાને વધુ ઘૂંટી.

ત્યારબાદ તેઓએ ગોલ્ફકારમાં બિરાજીને ૩૦ મિનિટ સુધી પ્રમુખસ્વામી મહારાજ નગરના મુખ્ય આકર્ષણ સમા ગ્લો ગાર્ડન, અક્ષરધામ મંદિર તેમજ અન્ય આકર્ષણોની સૃષ્ટિને મન ભરીને માણી. અહીં દરેક પ્રસ્તુતિ પાછળ સ્ફૂટ થતો સંદેશ તેમને અને સાથી મહાનુભાવોને આશ્ચર્યમાં ગરકાવ કરતો હતો.

મહોત્સવ સ્થળના મધ્યમાં અક્ષરધામ મહામંદિરની પ્રતિકૃતિને નિહાળીને પ્રભાવિત થતાં પ્રધાનમંત્રીશ્રીએ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણે ભાવપુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારબાદ અક્ષરધામ મહામંદિરની ચારે બાજુ પરિક્રમા કરીને મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન શ્રીરાધાકૃષ્ણ ભગવાન, શ્રીસીતારામ ભગવાન, શ્રીઉમા-મહાદેવ ભગવાન વગેરેને પણ પુષ્પાંજલિ અર્પણ કરી. અહીંથી બાળનગરી તરફ દૃષ્ટિ કરી તેઓ મુખ્ય સમારોહમાં પધાર્યા તે પૂર્વે તેઓએ મહોત્સવ સ્થળે રચાયેલાં સ્વચ્છ શૌચાલયોને પણ નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી. આ દરમ્યાન ચાલી રહેલા વૈશ્વિક જીવંત પ્રસારણમાં સ્ટુડિયોમાંથી શ્રી ધ્વનિત ઠાકર, શ્રી યોગી ત્રિવેદી, પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી, પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી વાર્તાલાપ રૂપે પ્રમુખસ્વામી મહારાજ નગરની વિવિધ માહિતીઓ સાથે પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-કાર્ય-સંદેશને સુંદરતાથી તાદૃશ કરી રહ્યા હતા.

પવિત્ર પ્રેરણાઓ છલકાવતાં આઝાદીના અમૃત



અક્ષરધામની પીઠિકા પર મહોત્સવના મુખ્ય સંતો સાથે...



પ્રમુખ જ્યોતિ ઉદ્યાનની લટારે વડાપ્રધાનશ્રી...



મહોત્સવના બાળસેવકોને મળીને બિરદાવતા વડાપ્રધાનશ્રી...



નગરનાં શૌચાલયોની સ્વચ્છતા નિહાળતા વડાપ્રધાનશ્રી...

મહોત્સવનાં પ્રતીકોની પણ એક ઝાંખી મેળવી સૌ મહેમાનો ઉદ્‌ઘાટન સમારોહની મુખ્ય સભામાં પધાર્યા ત્યારે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ રાષ્ટ્રધ્વજ અને બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવીને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ દરમ્યાન મંચ પર બિરાજી ગયા હતા. આનંદસ્વરૂપદાસ સ્વામીના પ્રાસંગિક પ્રવચન બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું સંતોએ પુષ્પહારથી સ્વાગત કર્યું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઐતિહાસિક ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ આપણા આમંત્રણને માન આપીને પધાર્યા તે બદલ આપણે સૌ તેમના આભારી છીએ. તેઓ પ્રમુખસ્વામી મહારાજ સાથેના અનન્ય પ્રેમને લીધે પધાર્યા છે. પોતાના પ્રિયજનને શ્રદ્ધાંજલિ આપવા માટે આનંદ-ઉમંગથી પધાર્યા છે. તેઓ અરસપરસ મળતા ત્યારે એકદમ આનંદિત થતા. સ્વામીબાપા તેમના માટે અવશ્ય પ્રાર્થના કરતા. દેશનું ભલું થાય તે માટે તેમને અંતરના આશીર્વાદ આપ્યા છે. સાથે સાથે રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મંત્રીશ્રીઓ તથા આગેવાનશ્રી પધાર્યા છે તેઓનું સ્વાગત કરીએ છીએ. મહંત સ્વામી મહારાજને પણ નરેન્દ્રભાઈ ઉપર ખૂબ પ્રેમ છે. તેમના દ્વારા દેશનું ભલું થાય એવી પ્રાર્થના મહંત સ્વામી મહારાજ સતત કરતા રહે છે. વ્યસ્ત કાર્યક્રમોની વચ્ચે તેઓ સમય કાઢીને અહીં પધાર્યા છે તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર...'

ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે આભાર પ્રગટ કરતી, તેઓનાં દિવ્ય પ્રદાનોનું સ્મરણ કરાવતી વીડિયોની ઝાંખી સૌએ મેળવી. બાળ-યુવાવૃંદે *'શત શત વરસ સરે, ગુરુ જીવનજ્યોત જલે...'*ના તાલે ભક્તિનૃત્ય પ્રસ્તુત કરતાં જ સમગ્ર વાતાવરણમાં દિવ્ય સ્પંદનો અનુભવાયાં.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંતરની ઊર્મિઓથી પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પી હતી. છેલ્લાં ૪૦ વર્ષથી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને નરેન્દ્રભાઈ મોદીનો નાતો કેવો સ્નેહસભર રહ્યો છે, તેની એક ઝાંખી નરેન્દ્રભાઈનાં જ પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં પૂર્વે થયેલાં સંબોધનોની સંપાદિત વીડિયો દ્વારા સૌએ મેળવી, ત્યારે સ્વયં વડાપ્રધાનશ્રી સહિત સૌ ભાવુક બની ગયા હતા! બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પોતાના




મહોત્સવના મુખ્ય મંચ પર મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાના વરિષ્ઠ સંતો સાથે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ...

વક્તવ્યમાં તેની પ્રાસંગિક સ્મૃતિઓ કરાવીને એ સ્નેહસંબંધને વધુ ઘૂંટી આપ્યો. આજના બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીના અવસરે બ્રિટિશ પ્રાઇમ મિનિસ્ટર શ્રી ઋષિ સુનકે પણ વીડિયો-સંદેશ પાઠવ્યો હતો, તેને સૌએ માણ્યો. (મહાનુભાવોનાં સંબોધનો હવે પછીનાં પૃષ્ઠો પર)

ત્યારબાદ વડાપ્રધાનશ્રીએ ભાવસભર સંબોધન કરીને, આ મહોત્સવના જ એક અદના સ્વયંસેવક તરીકે પોતાની જાતને ગણાવીને મહોત્સવને વિશ્વનો એક અદ્વિતીય અવસર ગણાવ્યો.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આશીર્વચનમાં જણાવ્યું: ''મોદી સાહેબ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપવા માટે અહીં આવ્યા છે. તેમણે નગર જોયું. તેઓ જરાક જોઈને બધી કલ્પના કરી શકે છે. તેમણે હમણાં પ્રવચનમાં જોરશોરથી ગર્જના કરી. પણ ટૂંકમાં તેઓ આવ્યા છે, પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપવા માટે.''



શતાબ્દી મહોત્સવ ઉદ્‌ઘાટન સમારોહના અંતિમ ચરણમાં હજારો હરિભક્તો-ભાવિકોએ આરતીઅર્ઘ્ય અર્પણ કર્યું ત્યારે આરતી-જ્યોતથી સમગ્ર સમારોહ ઝળહળી ઊઠ્યો હતો. અસંખ્ય ભક્તોએ આ નજારો મોબાઈલના કેમેરામાં મઢી લીધો હતો. મહંત સ્વામી મહારાજે વડાપ્રધાનશ્રીને પ્રમુખસ્વામી મહારાજની સ્વર્ણિમ મૂર્તિ ભેટમાં આપીને તેમને આશીર્વાદથી કૃતાર્થ કરી દીધા.

સૌ કોઈ આજના આ ભવ્ય, દિવ્ય ઉદ્‌ઘાટનથી અભિભૂત બનીને આજના ઉદ્‌ઘાટિત અવસરની દિવ્ય સ્મૃતિઓને હૃદયસ્થ કરીને વિદાય થયા ત્યારે એક મહાન અવસરનો શંખનાદ સમગ્ર વિશ્વમાં ગુંજી ઊઠ્યો હતો.



મહોત્સવના મંચ પર પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજ...



વડાપ્રધાનશ્રીને અણમોલ સ્મૃતિભેટ આપતા સ્વામીશ્રી...



સ્વાગત સંબોધન કરતા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી...



*'શત શત વરસ સરે, ગુરુ જીવન જ્યોત જલે...'*



**માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**

"મારું સૌભાગ્ય છે કે આજે મને ઐતિહાસિક કાર્યક્રમના સાક્ષી બનવાનો, સાથી બનવાનો અને સત્સંગી બનવાનો અવસર પ્રાપ્ત થયો છે. આટલા મોટા સ્તરે અને એક મહિના સુધી ચાલનારો આ કાર્યક્રમ, હું નથી માનતો કે આ મહોત્સવ માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ મોટો છે, સમયની રીતે પણ ઘણો મોટો છે. અહીં જેટલો સમય મેં વિતાવ્યો છે તેમાં મને દિવ્યતાની અનુભૂતિ થઈ છે. અહીં સંકલ્પોની ભવ્યતા છે. આબાલવૃદ્ધ સર્વે માટે આપણો સાંસ્કૃતિક વારસો શું છે, આપણી ધરોહર શું છે, આપણી આસ્થા શું છે, આપણું અધ્યાત્મ શું છે, આપણી પરંપરા શું છે, આપણી સંસ્કૃતિ શું છે, આપણી પ્રકૃતિ શું છે - એ તમામ બાબતોને અહીં આ પરિસરમાં આવરી લેવામાં આવી છે. અહીં ભારતનો દરેક રંગ દેખાય છે.

આ અવસરે પૂજ્ય સંતગણે કલ્પનાને ચરિતાર્થ કરવાનો જે પુરુષાર્થ કર્યો છે તેના કારણે હું તેમની ચરણવંદના કરું છું, હૃદયથી બધાના પ્રયત્નોને બિરદાવું છું. પૂજ્ય મહંત સ્વામીજીના આશીર્વાદથી આટલા મોટા ઉત્સવનું ભવ્ય આયોજન દેશ અને દુનિયાને આકર્ષિત કરશે એટલું જ નહીં, પ્રભાવિત કરશે, આવનારી પેઢીઓને પ્રેરિત કરશે.

મારા પિતાતુલ્ય પ્રમુખસ્વામીજી પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવા વિશ્વના લાખો લોકો અહીં પધારશે. આપ લોકોને જાણ હશે કે યુનો - સંયુક્ત રાષ્ટ્રમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઊજવવાનું આયોજન થયું હતું, એ વાત જ સૌથી મોટું પ્રમાણ છે કે તેમના વિચારો કેટલા શાશ્વત છે, કેટલા સાર્વભૌમિક છે.

આપણી મહાન પરંપરાને સંતોએ વેદથી વિવેકાનંદ સુધી અને પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોએ આગળ વધારી છે. આ શતાબ્દી મહોત્સવમાં વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાનું



અનેક ક્ષેત્રોના મહાનુભાવો સાથે લાખોની જનમેદની પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે પોતાની ભાવભીની અંજલિ આપવા મહોત્સવના વિશાળ પ્રમુખસ્વામી મહારાજ સભાગારમાં ઊમટી હતી...

દર્શન થઈ રહ્યું છે. આ નગરમાં હજારો વર્ષની આપણી સમૃદ્ધ સંત પરંપરાનાં પણ દર્શન એક સાથે થઈ રહ્યાં છે.

બાલ્યકાળથી મારા મનમાં એવાં જ કેટલાંક આધ્યાત્મિક ક્ષેત્રોમાં આકર્ષણ રહ્યું હતું, એટલે હું દૂરથી પ્રમુખસ્વામીજીનાં દર્શન કરતો રહેતો હતો. ક્યારેય કલ્પના નહોતી કરી કે તેમનું સાંનિધ્ય મને સાંપડશે, પરંતુ દૂરથી દર્શન કરવાની તક મળતી હતી ત્યારે પણ ઘણું સારું લાગતું હતું. ઉંમર નાની હતી, પરંતુ જિજ્ઞાસા વધતી જતી હતી. કેટલાંક વર્ષો પછી, કદાચ ૧૯૮૧માં પહેલી વખત મને એકાંતમાં તેમની સાથે સત્સંગ કરવાનું સૌભાગ્ય મળ્યું. ત્યારે મને આશ્ચર્ય થયું હતું કે તેમણે મારા વિશે થોડીઘણી માહિતી એકત્ર કરી લીધી હતી. આ મુલાકાત દરમિયાન ન કોઈ ધર્મની ચર્ચા, ન ઈશ્વરની ચર્ચા, ન કોઈ અધ્યાત્મની ચર્ચા થઈ, ફક્ત ને ફક્ત માનવ સેવા અને જનકલ્યાણ - આ વિષયો પર જ તેઓ મને વાતો કરતા રહ્યા. એ મારી તેમની સાથેની પહેલી મુલાકાત હતી. તેમનો એક એક શબ્દ મારા હૃદયપટલ ઉપર અંકુરિત થઈ રહ્યો હતો. તેમનો એક જ સંદેશ હતો કે જીવનની અંતિમ પળ સુધી જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય સેવા જ હોવું જોઈએ! અંતિમ શ્વાસ સુધી સેવામય રહેવું જોઈએ.

મોટી મોટી આધ્યાત્મિક ચર્ચાને પ્રમુખસ્વામી મહારાજ બહુ જ સરળ શબ્દોમાં આવરી લેતા હતા. જેવી વ્યક્તિ તેવું પીરસતા હતા. સામેની વ્યક્તિ પચાવી શકે તે પ્રકારનું જ્ઞાન તેઓ પીરસતા હતા. આપણા સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અબ્દુલ કલામજી પણ તેમને મળીને પ્રેરણા પ્રાપ્ત કરતા હતા અને તેમને પણ સંતોષ થતો હતો, તો મારા જેવા એક સામાન્ય સામાજિક સેવકને પણ તેમની પાસેથી કંઈક પ્રાપ્ત થતું હતું અને સંતોષ થતો હતો. એ એમના વ્યક્તિત્વની એક વિશેષતા હતી, વ્યાપકતા હતી, ગહેરાઈ હતી.

એક આધ્યાત્મિક સંત તરીકે તેમના વિશે ઘણું બધું આપણે કહી શકીએ, પરંતુ મારા મનમાં તેઓ સૌથી મોટા સમાજ-સુધારક હતા. એક માનવી કેવો હોવો જોઈએ, વ્યવસ્થામાં પરિવર્તનશીલતા કેવી રીતે આવવી જોઈએ, અધિષ્ઠાનના આદર્શો કેવા હોવા જોઈએ વગેરેની સાથે સાથે તેમણે આધુનિકતાની દરેક સારી બાબતનો સ્વીકાર કર્યો. એમની રીત અનોખી હતી. તેમણે હંમેશાં લોકોની અંદર પડેલા સારાપણાને પ્રોત્સાહિત કર્યું છે. તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરીને તેને ખાતર-પાણી આપતા હતા. આપણી અંદરનું સારાપણું આપણી અંદર ઊછરી રહેલી બૂરાઈને

ખતમ કરી દે એવો એક ઉચ્ચ વિચાર તેઓ સહજ શબ્દોમાં બતાવી દેતા હતા. અને આ રીતે લોકોને સંસ્કારી કરવાનું તેમનું જીવનપરિવર્તન કરવાનું (વ્યક્તિગત રીતે મળવાનું) માધ્યમ બનાવી દીધું. આ રીતે આપણા સમાજજીવનની ઊંચ-નીચ, ભેદભાવ વગેરે સદીઓ પુરાણી બદીઓને તેમણે ખતમ કરી નાંખી. દરેકને એમનો વ્યક્તિગત સ્પર્શ રહેતો હતો તેને કારણે આ સંભવ બન્યું હતું. દરેકની મદદ કરવી, દરેકની ચિંતા કરવી - એ એમને માટે સહજ હતું. સમય સામાન્ય હોય કે પડકારનો હોય, પ્રમુખસ્વામી મહારાજે સમાજહિત માટે સૌને પ્રેરિત કર્યાં છે.

જ્યારે મોરબીમાં પહેલીવાર મચ્છુ ડેમની ઘટના બની ત્યારે હું પણ એક સ્વયંસેવક તરીકે ત્યાં કાર્ય કરતો હતો. એ સમયે પ્રમુખસ્વામી મહારાજે કેટલાક સંતો અને સત્સંગી સ્વયંસેવકોને ત્યાં સેવા માટે મોકલી આપ્યા હતા. તેઓ અમારી સાથે માટી-કાદવ ઉઠાવવાના કામમાં લાગી ગયા હતા, મૃતદેહોના અગ્નિસંસ્કારની સેવામાં લાગી ગયા હતા.

મને યાદ છે, મારા જીવનમાં અનેક મહત્ત્વપૂર્ણ પડાવ આવ્યા છે, એ દરેક વખતે હું પ્રમુખસ્વામી મહારાજ પાસે અવશ્ય ગયો છું. કદાચ બહુ જ ઓછા લોકોને ખબર હશે. હું ૨૦૦૨માં રાજકોટથી સર્વપ્રથમ ચૂંટણી લડી રહ્યો હતો અને પહેલીવાર મારે તેનું નામાંકન ભરવાનું હતું. તે વખતે પ્રમુખસ્વામી મહારાજના બે સંતો ત્યાં હાજર હતા, તેમણે મને એક નાની ડબ્બી આપી. મેં એ ખોલી તો અંદર એક પેન હતી. સંતોએ કહ્યું કે પ્રમુખસ્વામી મહારાજે આ પેન મોકલાવી છે અને કહેવડાવ્યું છે કે ઉમેદવારીના ફોર્મમાં મારે આ પેનથી હસ્તાક્ષર કરવાના છે. ત્યાંથી શરૂ કરીને હું કાશીમાં લોકસભાની ચૂંટણી લડવા ગયો ત્યાં સુધી એક પણ ચૂંટણી એવી નહોતી કે હું ઉમેદવારી પત્ર ભરવા ગયો હોઉં અને તેમાં હસ્તાક્ષર કરવા માટે પ્રમુખસ્વામી મહારાજે કોઈ વ્યક્તિને પેન લઈને ત્યાં મોકલાવી ન હોય. હું જ્યારે કાશી ગયો ત્યારે તો મારા માટે એક આશ્ચર્ય હતું કે ત્યારે તેઓએ જે પેન મોકલાવી હતી તેનો રંગ ભાજપના ઝંડાનો રંગ



**અહીં જેટલો સમય મેં વિતાવ્યો છે તેમાં મને દિવ્યતાની અનુભૂતિ થઈ છે. અહીં સંકલ્પોની ભવ્યતા છે. આબાલવૃદ્ધ સર્વે માટે આપણો સાંસ્કૃતિક વારસો શું છે, આપણી ધરોહર શું છે, આપણી આસ્થા શું છે, આપણું અધ્યાત્મ શું છે, આપણી પરંપરા શું છે, આપણી સંસ્કૃતિ શું છે, આપણી પ્રકૃતિ શું છે - એ તમામ બાબતોને અહીં આ પરિસરમાં આવરી લેવામાં આવી છે.**

હતો. તેનું ઢાંકણું લીલા રંગનું અને નીચેનો ભાગ ભગવા રંગનો હતો. એમણે કેટલાય દિવસ પહેલાં એ સંભાળીને રાખી હશે અને મને યાદ કરીને એ મને મોકલાવી! એમનું આ કોઈ ક્ષેત્ર નહોતું કે મારી આટલી સંભાળ લે!

સહુને એ જાણીને આશ્ચર્ય થશે કે ૪૦ વર્ષમાં કદાચ એક વર્ષ પણ એવું નથી ગયું કે જે વર્ષે પ્રમુખસ્વામી મહારાજ મારા માટે કુર્તા-પાયજામાનું કાપડ મોકલાવ્યું ન હોય! અને મારું એ સૌભાગ્ય છે કે પુત્ર ગમે તેટલો મોટો બની જાય, પરંતુ મા-બાપ માટે તે બાળક જ રહે છે. આપણા દેશે મને વડાપ્રધાન બનાવી દીધો, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે ત્યાર પછી પણ અને મહંત સ્વામી મહારાજે પણ આજપર્યંત તે મારાં કપડાં મોકલવાનું ચાલુ રાખ્યું છે. આ પોતાનાપણું! હું નથી માનતો કે આ કોઈ સંસ્થાગત પી.આર.નું કાર્ય છે. આ તો એક આધ્યાત્મિક સંબંધ હતો, પિતા-પુત્રનો સ્નેહ હતો. આ એક એવું અતૂટ બંધન છે કે આજે પણ તેઓ જ્યાં બિરાજતા હશે ત્યાં રહીને મારી પ્રત્યેક પળને નીરખતા હશે, ખૂબ બારીકાઈથી મારા કામને જોતા હશે. એમણે મને જે શીખવ્યું, સમજાવ્યું, હું શું તે માર્ગ પર ચાલી રહ્યો છું કે નહીં, તે જરૂર તેઓ જોતા હશે.

કચ્છના ભૂકંપ વખતે હું એક સ્વયંસેવક તરીકે કામ કરી રહ્યો હતો, ત્યારે તો મારા મુખ્યમંત્રી થવાનો કોઈ સવાલ જ હતો નહીં, ત્યારે પણ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સંતો મને મળ્યા અને તેમણે મને કહ્યું કે તમારે ક્યાંય પણ કાર્ય કરવાનું થાય, પરંતુ ભોજન માટે અમારે ત્યાં જ પધારજો. રાત્રે ગમે તેટલું મોડું થાય પણ અમારે ત્યાં જ જમવા આવજો. પ્રમુખસ્વામી મહારાજે સંતોને કહી દીધું હશે એટલે સંતો મારી પાછળ પડી રહેતા હતા. જ્યાં સુધી હું કચ્છમાં કાર્યરત રહ્યો તેમણે મારા ભોજનની વ્યવસ્થા કરી હતી. આટલો પ્રેમ! હું કોઈ આધ્યાત્મિક વાતો નથી કરી રહ્યો, હું તો એક સામાન્ય સહજ વ્યવહારની વાત કરી રહ્યો છું.

મારા જીવનની કઠિનમાં કઠિન પળોમાં કદાચ જ એવો કોઈ પ્રસંગ હશે કે જ્યારે પ્રમુખસ્વામી મહારાજે સ્વયં મને બોલાવ્યો ન હોય કે મારી સાથે ફોન પર વાત કરી ન હોય!



**પ્રમુખસ્વામી મહારાજ સાથે મારો એક આધ્યાત્મિક સંબંધ હતો, પિતા-પુત્રનો સ્નેહ હતો. આ એક એવું અતૂટ બંધન છે કે આજે પણ તેઓ જ્યાં બિરાજતા હશે ત્યાં રહીને મારી પ્રત્યેક પળને નિરખતા હશે, ખૂબ બારિકાઈથી મારા કામને જોતા હશે. એમણે મને જે શીખવ્યું, સમજાવ્યું, હું શું તે માર્ગ પર ચાલી રહ્યો છું કે નહીં, તે જરૂર તેઓ જોતા હશે.**

૧૯૯૧-૧૯૯૨માં શ્રીનગરના લાલચોકમાં ઝંડો લહેરાવવા માટે અમારી પાર્ટી તરફથી એકતાયાત્રા યોજાઈ હતી. ડૉ. મુરલીમનોહર જોષીજીના નેતૃત્વમાં આ યાત્રા ચાલી રહી હતી. હું તેની વ્યવસ્થા સંભાળી રહ્યો હતો. ત્યાં જતાં પહેલાં પણ હું પ્રમુખસ્વામી મહારાજનાં આશીર્વાદ લઈને ગયો હતો. એમને ખબર હતી કે હું ક્યાં જઈ રહ્યો છું અને શું કરી રહ્યો છું. અમે પજાંબથી જઈ રહ્યા હતા ત્યારે અમારી યાત્રા સાથે આતંકવાદીઓની ઘટના બની. તેમાં અમારા કેટલાક સાથી શહીદ થયા. સમગ્ર દેશ માટે એ ચિંતાનો વિષય હતો. તેની વચ્ચે અમે શ્રીનગરમાં લાલ ચોકમાં ત્રિરંગો ઝંડો ફરકાવ્યો. અને જેવો હું જમ્મુ લેન્ડ થયો કે મારી કુશળતાના ખબરઅંતર પૂછવાનો પહેલો ફોન પ્રમુખસ્વામી મહારાજનો આવ્યો. હું કુશળ તો છું ને? ભગવાન તમારા પર આશીર્વાદ વરસાવે. ત્યાં શું થયું તે તમે મળવા આવો પછી બધું જાણીએ. એકદમ સહજ, સરળ!

હું મુખ્યમંત્રી બની ગયો. અક્ષરધામથી ૨૦ મીટરના અંતરે મારું નિવાસસ્થાન હતું. હું ઘરેથી બહાર નીકળું તો અક્ષરધામના શિખરનાં દર્શન કરીને જ આગળ વધતો હતો. આ અક્ષરધામ ઉપર આતંકવાદીઓએ હુમલો કર્યો. મેં પ્રમુખસ્વામી મહારાજને ફોન કર્યો. આટલો મોટો હુમલો થયો હતો, હું હેરાન હતો, સંતો-ભક્તો પર શું વીત્યું હશે, ક્યાં ગોળીઓ વરસી હશે એ બધો ચિંતાનો વિષય હતો. ધૂંધળું વાતાવરણ હતું. કેટલાય લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે મને કહ્યું: 'અરે ભાઈ! તારું ઘર તો સામે જ છે. તને કંઈ તકલીફ નથી થઈને?' મેં કહ્યું: 'બાપા! આવી સંકટની ઘડીએ આટલી સ્વસ્થતાપૂર્વક આપ મારી ચિંતા કરી રહ્યા છો!' ત્યારે તેમણે કહ્યું: 'ભગવાન પર વિશ્વાસ રાખજો. બધું સારું થશે.' આવી સ્થિતિમાં માનસિક સંતુલન, સ્વસ્થતા - એ આંતરિક ગહન આધ્યાત્મિક શક્તિ વિના સંભવિત નથી.

પ્રમુખસ્વામી મહારાજે પોતાની તપસ્યાથી પોતાના ગુરુજનોની ઈચ્છાઓ સિદ્ધ કરી હતી, એ વાત મને હંમેશાં સ્મરણમાં રહે છે. મને લાગે કે મારા માટે તેઓ પિતા સમાન હતા, આપ લોગોને લાગે કે તેઓ આપના ગુરુ હતા, પરંતુ એક બીજી બાબત તરફ મારું ધ્યાન જાય છે કે તેઓ એક આદર્શ શિષ્ય પણ હતા. જ્યારે દિલ્હીનું અક્ષરધામ બન્યું ત્યારે મેં તેનો ઉલ્લેખ કર્યો હતો. યોગીજી મહારાજની ઈચ્છા હતી કે યમુનાના તટ પર અક્ષરધામ બનાવવું છે. વાત વાતમાં યોગીજી મહારાજના મુખમાંથી આ સંકલ્પ નીકળ્યો હશે, પરંતુ એ શિષ્ય તો જુઓ, જે પોતાના ગુરુના આ શબ્દોને જીવનભર જીવતા રહ્યા. યોગીજી મહારાજ તો ધામ સિધાવી ગયા, પરંતુ તેમના શિષ્ય તરીકે પ્રમુખસ્વામી મહારાજ એ શબ્દોને જીવતા રહ્યા. એક શિષ્ય તરીકે મને તેમની આ તાકાત દેખાય છે. ગુરુના એ શબ્દને તેમણે જીવીને બતાવ્યો, યમુનાના તટ પર અક્ષરધામ બનાવ્યું, આજે દુનિયાભરના લોકો અહીં આવે છે અને અક્ષરધામના માધ્યમથી ભારતના મહાન વારસાને સમજવાનો પ્રયાસ કરે છે. આ એક યુગને પ્રેરણા આપવાનું કાર્ય છે.

મંદિર આપણે ત્યાં કોઈ નવી બાબત નથી, હજારો વર્ષોથી મંદિર બનતા રહ્યાં છે. પરંતુ મંદિર પરંપરાને આધુનિક બનાવી, આધ્યાત્મિકતા અને આધુનિકતાનું મિલન કરાવવું - એ પ્રમુખસ્વામી મહારાજે મહાન પરંપરા પ્રસ્થાપિત કરી છે. આપણી નવી પેઢીના દિમાગમાં સંતો અને મંદિરો માટે કેવું કેવું ભરવામાં આવે છે! પરંતુ પ્રમુખસ્વામી મહારાજે મંદિર અને સંત પરંપરાને જે રીતે બદલી નાંખી તે અદ્વિતીય છે. સ્વામી વિવેકાનંદજીએ સંન્યસ્ત જીવનને સેવાભાવ માટે વિસ્તાર્યું તે રીતે.

પ્રમુખસ્વામી મહારાજે સમજાવ્યું કે ફક્ત સ્વના કલ્યાણની નહીં, સમાજ કલ્યાણનું કામ સંતે કરવાનું છે. તે રીતે તેમણે દરેક સંતને તૈયાર કર્યા. અહીં બેઠેલા પ્રત્યેક સંત

કોઈ ને કોઈ સેવાકાર્યમાં જોડાયેલા છે. ખાલી આશીર્વાદ આપવા અને તમને મોક્ષ મળી જાય - એટલું જ આ સંતોનું કાર્ય નથી. પ્રમુખસ્વામી મહારાજના આ સંતો જંગલોમાં જાય છે અને આદિવાસીઓની વચ્ચે કામ કરી રહ્યા છે. પ્રાકૃતિક આપત્તિમાં આ જ સંતો સ્વયંસેવક તરીકે જીવન ખપાવી દે છે. આ પરંપરા ઊભી કરવામાં પ્રમુખસ્વામી મહારાજનું ખૂબ મોટું યોગદાન છે!

તેઓએ મંદિરોના માધ્યમથી વિશ્વમાં આપણી ઓળખ ઊભી કરી છે, એટલી જ શક્તિ અને પ્રેરણા સંતોના વિકાસ માટે આપી છે. તેઓ ધારત તો ગાંધીનગર, અમદાવાદ કે બીજા કોઈ મોટા શહેરમાં રહી શકતા હતા, પરંતુ તેઓ મોટા ભાગે સારંગપુરમાં રહ્યા. તેમણે સંતોના ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ પર ખાસ ભાર મૂક્યો હતો. મને કોઈપણ સંત-અખાડાના લોકો મળે છે ત્યારે હું એમને કહું છું કે તમે બે દિવસ સારંગપુર જઈ આવો. સંતોની તાલીમ કેવી હોવી જોઈએ, આપણા સંતો કેવા હોવા જોઈએ, સાધુ-મહાત્મા કેવા હોવા જોઈએ તે આપ જોઈ આવો. તેઓ જાય છે અને પ્રભાવિત થાય છે. ત્યાં આધુનિકતા અને આધ્યાત્મિકતાની સાથે વિવિધ ભાષાઓ પણ શીખવવામાં આવે છે, સંસ્કૃત પણ શીખવાય છે, વિજ્ઞાન પણ શીખવાય છે અને આપણી આધ્યાત્મિક પરંપરા પણ શીખવાય છે. અર્થાત્ સંપૂર્ણ વિકાસ સાથે સમાજમાં સંત પણ એવા સામર્થ્યવાન હોવા જોઈએ. ત્યાગ તો જોઈએ જ, પરંતુ સાથે સાથે સામર્થ્ય પણ જોઈએ. અને પ્રમુખસ્વામી મહારાજે એવી સંત પરંપરા તૈયાર કરી છે. જે રીતે તેઓએ વિશ્વમાં આપણા ભારતની મહાન પરંપરાનો પરિચય કરાવવાનું માધ્યમ અક્ષરધામ મંદિરોને બનાવ્યું છે, તે રીતે ઉત્તમ પ્રકારની સંત પરંપરાના નિર્માણમાં પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એક ઈન્સ્ટિટ્યૂશનલ મિકેનિઝમ ખડું કર્યું છે. તેઓએ વ્યક્તિગત વ્યવસ્થાની દૃષ્ટિએ નહીં, પરંતુ ઈન્સ્ટિટ્યૂશનલ મિકેનિઝમની દૃષ્ટિએ કાર્ય કર્યું છે.

એટલે જ શતાબ્દીઓ સુધી વ્યક્તિઓ આવશે, જશે, નવા નવા સંતો આવશે પરંતુ તેમણે વ્યવસ્થાઓ એવી કરી છે કે કાર્ય ચાલ્યા જ કરે. એક નવી પરંપરાની પેઢીઓ અહીં આવતી રહેશે તે હું મારી આંખોની સામે જોઈ રહ્યો છું.

**એમની પાસે મેં ક્યારેય મોટી જ્ઞાનચર્ચા નથી કરી. એમની પાસે બસ એમ જ મને બહુ સારું લાગતું હતું. એમની પાસે બેસવાનું ખૂબ ગમતું હતું. આપણે થાક્યા-પાક્યા ઝાડની નીચે જઈને બેસીએ અને કેવું સારું લાગે, એવું જ હું પ્રમુખસ્વામી મહારાજ પાસે બેસતો ત્યારે લાગતું હતું.**

મારો અનુભવ છે કે તેઓ દેવભક્તિ અને દેશભક્તિમાં ફર્ક ગણતા નહોતા. આપ દેવભક્તિ માટે જીવો છો કે આપ દેશભક્તિ માટે જીવો છો. તો તેઓને લાગતું હતું કે આપ બંને સત્સંગી જ છો. તેમના મતે, દેશભક્તિ માટે જીવનારો પણ સત્સંગી છે અને દેવભક્તિ માટે જીવનારો સત્સંગી છે.

આ શતાબ્દી મહોત્સવ આપણી નવી પેઢી માટે પ્રેરણાનું કારણ બનશે. પ્રમુખસ્વામી મહારાજે આપણને સમજવામાં મુશ્કેલી પડે તેવા મોટા મોટા કોઈ ઉપદેશો નથી આપ્યા, તેઓએ સહજ જીવનની ઉપયોગી સરળ વાતો કરી છે, અને આટલા મોટા સમુદાયને સેવામાં જોડ્યો છે. અહીં ૮૦,૦૦૦ સ્વયંસેવકોએ સેવા આપી છે. હું અહીં આવી રહ્યો હતો ત્યારે માર્ગમાં બ્રહ્મવિહારી સ્વામીએ મને કહ્યું કે આ બધા સ્વયંસેવકો છે અને પ્રધાનમંત્રીને વધાવી રહ્યા છે. ત્યારે મેં કહ્યું, ભૂલી ગયા? એ બધા સ્વયંસેવક છે તો હું પણ એક સ્વયંસેવક જ છું. ૮૦,૦૦૦માં એક આંકડો વધારી દો.

ઘણું બધું કહેવાનું છે. અનેક પુરાણી સ્મૃતિઓ આજે મનને સ્પર્શી રહી છે. મને પ્રમુખસ્વામી મહારાજની અનુપસ્થિતિ અનુભવાતી રહી છે. એમની પાસે મેં ક્યારેય મોટી જ્ઞાનચર્ચા નથી કરી. એમની પાસે બસ એમ જ મને બહુ સારું લાગતું હતું. એમની પાસે બેસવાનું ખૂબ ગમતું હતું. આપણે થાક્યા-પાક્યા ઝાડની નીચે જઈને બેસીએ અને કેવું સારું લાગે, એવું જ હું પ્રમુખસ્વામી મહારાજ પાસે બેસતો ત્યારે લાગતું હતું. એક વટવૃક્ષની છાયામાં બેઠો છું, એક જ્ઞાનભંડારનાં ચરણોમાં બેઠો છું, એવી અનુભૂતિ થતી હતી. ખબર નહીં, આ બધું હું ક્યારેય લખી શકીશ કે નહીં લખી શકું, પરંતુ મારા અંતરમનની યાત્રાનું બંધન આ સંતપરંપરા સાથે રહ્યું છે, આધ્યાત્મિક પરંપરા સાથે રહ્યું છે. અને તેમાં પૂજ્ય યોગીજી મહારાજ, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને આજે પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સાંનિધ્ય મળ્યું છે. મારું બહુ મોટું સૌભાગ્ય છે કે તામસિક જગતની વચ્ચે, મને આવા સાત્ત્વિક વાતાવરણમાં કામ કરવાની નિરંતર શક્તિ મળતી રહી છે. અને તેના કારણે જ રાજસી પણ નથી બનવું, તામસી પણ નથી બનવું, પરંતુ સાત્ત્વિક બનીને ચાલતા રહેવું છે, ચાલતા રહેવું છે, ચાલતા રહેવું છે. જય સ્વામિનારાયણ.' ◆



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
(મુખ્યમંત્રીશ્રી, ગુજરાત)

"ભગવાન સ્વામિનારાયણે પ્રારંભેલા માનવ ઘડતરના યજ્ઞને આગળ ધપાવનારી ગુણાતીત સંતપરંપરાના પાંચમા અનુગામી પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ એ જન-જનનો ઉત્સવ છે.

માનવજીવનના ઉત્કર્ષ માટે પોતાનું આયખું ખપાવી દેનારા પ્રમુખસ્વામી મહારાજનું ઋણ ચૂકવવાનો આ અવસર છે. જીવનના નવ-નવ દાયકા સુધી કર્મઠ રહીને માનવસેવાનાં અનેક ક્ષેત્રોમાં તેમણે પોતાનું સમસ્ત જીવન સમર્પિત કર્યું છે. આપત્તિના સમયમાં માનવસમાજને બેઠો કરવાનું અને શાંતિના સમયમાં મજબૂત કરવાનું, ઘડતર કરવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજ સતત કરતા રહ્યા હતા. નાત-જાત-ધર્મ-દેશ-વિદેશના ભેદભાવ વિના સમસ્ત માનવજાતની સેવા માટે તેમણે જીવનની પળે પળ ખપાવી દીધી છે. માનવીના સામાજિક-આધ્યાત્મિક ઉત્કર્ષ અને સેવા માટે અનોખો ચીલો ચાતરનાર પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોને બિરદાવવાનો આ ઉત્સવ છે.

ભારતીય સંસ્કૃતિના ત્રણ આધારસ્તંભો છે - સંત, શાસ્ત્ર અને મંદિર. પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિના ત્રણેય આધારસ્તંભોને મજબૂત કરવાનું યુગકાર્ય કર્યું છે. સ્વામીજીએ સુશિક્ષિત નવયુવાનોને વૈરાગ્યની પ્રેરણા આપીને એક હજારથી વધુ સુશિક્ષિત સંતોની સમાજને ભેટ આપી છે. નવી દિલ્હી અને ગાંધીનગરમાં પ્રમુખસ્વામી મહારાજે સર્જેલાં સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરો ભારતીય સંસ્કૃતિનું સીમાચિહ્ન બની ગયાં છે. પ્રતિવર્ષ વિશ્વભરના લાખો દર્શનાર્થીઓને પવિત્ર પ્રેરણા આપતાં આ પરિસરોના અણમોલ પ્રદાન બદલ, આવનારી અનેક પેઢીઓ પ્રમુખસ્વામી મહારાજને વંદન કરતી રહેશે.

ગાંધીનગર અક્ષરધામ પર આતંકવાદી હુમલા પછી પ્રમુખસ્વામી મહારાજે શાંતિ, શિસ્ત અને સૌહાર્દનું વાતાવરણ સમાજમાં સર્જી દીધું તેના માટે આજે પણ દુનિયા 'અક્ષરધામ રિસ્પોન્સ' તરીકે તેમને બિરદાવે છે. અક્ષરધામ હુમલાના એ આતંકવાદીઓના મૃતદેહ પર પુષ્પ પધરાવી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવાની અનુકંપા તો માત્ર પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષ જ દાખવી શકે!

પ્રમુખસ્વામી મહારાજે સંસ્કાર અને શિક્ષણના સમાગમ એવાં અનેક શિક્ષણ-સંકુલોની સ્થાપના કરી છે. અહીં આધુનિક શિક્ષણની સાથે ભારતીય શાસ્ત્રો પણ ભણાવાય છે. તેમને વિશ્વના એક ઉત્તમ નાગરિક બનાવવાની પ્રેરણા આપી છે. દુષ્કાળ-અતિવૃષ્ટિ, સુનામી-ભૂકંપ જેવી વિપદામાં અને સમાજના દીનદુખિયા પ્રત્યે હંમેશાં કરુણાથી છલકાતા પ્રમુખસ્વામી મહારાજે અનેક આપત્તિઓમાં વિરાટ સ્તરે સેવાઓનો હાથ લંબાવીને લાખો આપત્તિગ્રસ્તોને હૂંફ અને સધિયારો આપ્યાં છે. અમેરિકાના પૂર્વપ્રમુખ બિલ ક્લિન્ટન હોય કે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ હોય, ખ્રિસ્તી ધર્મગુરુ પોપ હોય કે દલાઈ લામા હોય! પૂજ્ય સ્વામીબાપાના નિર્મળ વ્યક્તિત્વના સંસર્ગમાં આવેલા સૌને બાપામાં પોતીકાપણું લાગ્યું છે.

વ્યસન આજના વિશ્વની સૌથી મોટી સમસ્યા બની ચૂક્યું છે. વ્યસનો સામે લડવાનું ખૂબ મોટું આંદોલન પ્રમુખસ્વામી મહારાજે છેડ્યું, તેમણે હજારો લોકોને વ્યક્તિગત મળીને વ્યસનમુક્ત કર્યા. આ ઉપરાંત વ્યસનમુક્તિનાં યજ્ઞો, પ્રદર્શનો વગેરે દ્વારા માનવજાતને વ્યસનમુક્તિનો સંદેશો આપ્યો છે. સમાજમાં ફેલાયેલી આવી બદીને દૂર કરવાની જનચેતના તેમણે જગાવી છે.

આ શતાબ્દી મહોત્સવ સ્વામીજીનાં આવાં અનેક આગવાં યોગદાનોને બિરદાવવાનો ઉત્સવ છે. પ્રમુખસ્વામી મહારાજે માનવસમાજને આપેલી સૌથી મોટી ભેટ જો કોઈ હોય તો તે છે ઘરસભાનો વિચાર. પરિવારની એકતા અને અખંડિતતા માટે, પારિવારિક મૂલ્યોના જતન માટે તેમણે ઘરસભાની મૌલિક અને અદ્ભુત પરંપરા આપી છે. પ્રમુખસ્વામી મહારાજનું આ પ્રદાન પારિવારિક સમસ્યાઓ સામે એક અણમોલ ક્રાંતિ સર્જી શકે તેમ છે.

ભગવાન સ્વામિનારાયણે પ્રગટાવેલી મહિલા ઉત્કર્ષની જ્યોતિને પ્રમુખસ્વામી મહારાજે જગતભરમાં વિસ્તારી છે. પ્રમુખસ્વામી મહારાજે ધર્મના ક્ષેત્રે ઉત્તમ મૂલ્યો પ્રસરાવવા માટે આધુનિક ટેક્નોલોજીનો વિનિયોગ કરવાની પહેલ કરી છે. આવા મહાન સંતને શતાબ્દીએ કોટિ કોટિ વંદન." ◆

## ઇંગ્લેન્ડના વડાપ્રધાન શ્રી ઋષિ સુનક દ્વારા શતાબ્દી મહોત્સવે શુભેચ્છાઓ અને પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ...



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, આદરણીય મહાનુભાવો, નમસ્તે અને જય સ્વામિનારાયણ.


પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના આ શુભ અવસરે આપ સૌને મારી શુભેચ્છાઓ પાઠવી રહ્યો છું તે મારા માટે એક ગૌરવની બાબત છે.

'બીજાના આનંદમાં આપણો આનંદ છે' - એ જીવનસૂત્ર પ્રમુખસ્વામી મહારાજ જીવ્યા હતા. યુ.કે.માં નિસડન ખાતે બંધાયેલા ભવ્ય મંદિરના તેઓ પ્રેરણામૂર્તિ હતા, જે મંદિર લંડનની સ્કાયલાઇનનું એક પ્રસિદ્ધ સ્થાન બની ચૂક્યું છે. આ મંદિર માત્ર સુંદરતા માટે જ નહીં, પરંતુ સ્થાનિક સમુદાયની સેવા માટે પણ સુપ્રસિદ્ધ છે. આ સમર્પણ અને સેવા સમગ્ર યુ.કે.માં પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત તમામ ૧૪ મંદિરોમાં જોવા મળે છે. સમગ્ર કોવિડ મહામારી દરમિયાન પણ તેઓ માત્ર હિન્દુ સમુદાયને જ નહીં, પરંતુ એવા હજારો લોકોને મદદ કરવા દોડી આવ્યા હતા, જેમને ખરેખર મદદની જરૂરિયાત હતી.

છેલ્લાં ૫૦ વર્ષોથી ચાલી રહેલી આ સેવાઓની નોંધ લેવાઈ છે. એટલે જ અહીંના માર્ગોને પ્રમુખસ્વામી મહારાજનું નામ આપવામાં આવ્યું છે. એટલું જ નહીં, આપણા દેશ માટે તેમની સેવાઓ અને તેમના સહયોગને અંજલિ આપવા માટે અમારા પ્રતિષ્ઠિત વેમ્બલી સ્ટેડિયમની આઇકોનિક કમાનને ભગવા રંગની રોશનીથી ઝળહળતી કરવામાં આવી છે.

આપ સૌ પ્રમુખસ્વામી મહારાજની ૧૦૦મી જન્મજયંતી ઊજવવા માટે એકત્રિત થયા છો ત્યારે હું પણ તેમની હૃદયંગમ સ્મૃતિઓના સ્મરણ સાથે, તેમણે આપેલા અદ્ભુત વારસાની સ્મૃતિ સાથે, તેમને મારી ભાવભીની અંજલિ અર્પું છું. સાથે સાથે, આ શતાબ્દી મહોત્સવની ઉજવણીની સફળતા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. ◆

## પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે તેઓનાં જીવન, કાર્ય અને સંદેશની પ્રસ્તુતિ કરતી પરિચય પુસ્તિકાશ્રેણી...




બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન, કાર્ય અને સંદેશની સરળ, સંક્ષિપ્ત અને બહુરંગી છપાઈ સાથે પરિચય કરાવતી ૧૧ પુસ્તિકાઓની સુંદર નમણી શ્રેણી પ્રકાશિત થઈ ચૂકી છે. આવો, શતાબ્દી પર્વે પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું સંક્ષિપ્ત આચમન કરીને આપણે પણ પ્રેરણાઓથી છલકાઈએ...













## પ્રમુખસ્વામી મહારાજ નગરમાં લાખો બાળકોને જીવનઘડતરની પ્રેરણા આપતી વન્ડરલેન્ડ – બાળનગરી

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં લાખો બાળકોને આકર્ષતી બાળનગરી પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને સંદેશમાંથી પ્રેરણા આપતી વિવિધ પ્રસ્તુતિઓથી ધબકે છે. બાળનગરીમાં 'ધ સી ઑફ સુવર્ણા', 'ધ જંગલ ઑફ શેરુ' અને 'ધ વિલેજ ઑફ બુઝો' – આ ત્રણેય પ્રદર્શન ખંડો, બાળનગરીની અન્ય વિવિધ પ્રેરણાત્મક સંરચનાઓ, ટેલેન્ટ શૉ વગેરે અનેકવિધ આકર્ષણો બાળકોને આનંદ-કિલ્લોલ કરાવી પ્રેરણાથી હર્યાભર્યા બનાવે છે.

Swaminarayan Prakash Gujarati, January-2023, Published on 1-1-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



## પ્રમુખસ્વામી મહારાજ નગરમાં યોજાયું રાષ્ટ્રીય સંત સંમેલન

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં, દ્વારિકા શારદાપીઠના શ્રીમદ્ શંકરાચાર્ય પરમ પૂજ્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલા રાષ્ટ્રીય સંત સંમેલનમાં જમ્મુ-કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને પૂર્વ ભારતથી લઈને પશ્ચિમ ભારત સુધીના વિવિધ ધર્મ-સંપ્રદાયોના પ્રતિનિધિ રૂપ ૨૫૦થી વધુ સંતો-મહંતોએ પ્રમુખસ્વામી મહારાજને ભાવપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

Printed and Published by Sadhu Keshavjivandas
on behalf of Swaminarayan Aksharpith.
Printed at Swaminarayan Mudran Mandir,
Shahibaug Rd., Ahmedabad - 4 and
published from Swaminarayan Aksharpith,
Shahibaug Rd., Ahmedabad-4.
Editor - Sadhu Swayamprakashdas